MNE/413/2019-21

વોઈસ ઓફ ઘાટકોપર

www.vognewslive.com | /vognewslive

બેસ્ટ ન્યુઝપેપર ઈન ટાઉન એવોર્ડ વિજેતા ઘાટકોપરનું પ્રિમીયમ ન્યુઝપેપર

Office : A-1, Basement, Satyam Shopping Centre, M.G.Road, Ghatkopar(East), Mumbai - 400 077. ☎ : 022-40229684

વર્ષ : 13 ● અંક : 14 ● સળંગ અંક : 501● મુંબઈ ● શુક્રવાર ● તા.24 એપ્રિલ – 30 એપ્રિલ 2020 ● પાના : 16 ● કિંમત રૂ.4

#IndiaFightsCorona

यह समय संकल्प लेने का है कि हम कोरोना वॉरियर्स का सम्मान करेंगे

आवश्यक सेवा प्रदान करने वाले कोरोना वॉरियर्स अपने अथक परिश्रम से हमारी सुविधाओं का ध्यान रखते हैं

उन्हें निशाना बनाकर उनके साथ दुर्व्यवहार न करें

सौहार्द, विश्वास, सम्मान और प्रोत्साहन की भावना के साथ हमें मिलकर COVID-19 से लड़ना है

RAJSHREE™
BUILDERS
Building A Future Into Every Home

લક્ષ્મીચંદ દેઢીયા●જેઠાલાલ દેઢીયા

ફોર્ટિસ હૉસ્પિટલમાં ૭ દર્દીઓ કોરોનામુક્ત કરાયા

મુલુંડ ફોર્ટિસ હોસ્પિટલમાં સફળતાપૂર્વક ઇલાજ કર્યા બાદ મંગળવારે અન્ય ત્રણ કોવિડ-૧૯ દર્દીઓને ઘરે મોકલવામાં આવ્યા છે. ગયા અઠવાડિયે કેટલાક દર્દીઓ પર સફળતાપૂર્વક ઉપચાર કરાયો હતો. જેઓને હવે ડિસ્ચાર્જ કરાયા છે. આ હોસ્પિટલમાં સ્વસ્થ થયેલ બિમારોની સંખ્યા હવે ૭ થયેલ છે.

૪૨ વર્ષીય મહિલાની સાથે તેની ૬૯ વર્ષીય માતા અને ૧૫ વર્ષીય પુત્રને પણ કોરોના પરિક્ષણ પોઝિટિવ આવ્યા બાદ અહીં દાખલ કરાયા હતા. આ બધાએ કોરોનાને હરાવીને પોતાના ઘર તરફ પ્રસ્થાન કર્યું છે. હોસ્પિટલના આઇસોલેશન રૂમમાં દર્દીઓનો મહત્વપૂર્ણ રીતે ઇલાજ કરાયો હતો. ત્યારબાદ તેમના ઉપર કરવામાં આવેલા ઇલાજની તેમણે સારી પ્રતિક્રિયા આપી હતી અને ત્યારબાદ ક્રમશઃ ૧૬થી ૧૭ દિવસ પછી તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરાયા હતા.

પોતાના ઇલાજ બાબતે વિસ્તૃત વાત કરતાં ૪૨ વર્ષીય મહિલાએ કહ્યું, ''હું સમગ્ર ટીમને ધન્યવાદ આપું છું. ત્યાંના બધા લોકો વિનમ્ર, માયાળુ અને પ્રોફેશનલ હતા. એમણે દિવસરાત મારું અને મારા પરિવારનું ધ્યાન રાખ્યું. તેમણે મને આશ્વાસન આપ્યું કે તેઓ અમને શક્ય તેટલા જલ્દી સાજા કરી દેશે અને હું મારી પુત્રીની સંભાળ લેવા માટે ઘરે જઈ શકીશ. આ વાઈરસને જડથી મીટાવવા માટે હોસ્પિટલની ટીમ ઘણા ઉત્સાહથી કામ કરી રહી હતી. તેઓએ વાસ્તવમાં મને ઘણી હિંમત આપી. મારા પતિ તાજેતરમાં વિદેશમાં છે અને મારા સંબંધી ઘરે મારી પુત્રીની સંભાળ લઈ રહયા છે. આજે હું તેના પાસે પાછી ફરીને ખૂબ ખુશ છું.''

આ ત્રણેય દર્દીઓના ઈલાજ બાબતે વાત કરતા કોવિડ-૧૯ ટાસ્ક ફોર્સનું નેતૃત્વ કરનારા હોસ્પિટલના ઇન્ટેન્સિવ કેરના સંચાલક ડોક્ટર રાહુલ પંડિતે કહ્યું, ''અલાયદા કક્ષમાં બે અઠવાડિયાથી વધુ સમય વીતાવ્યા બાદ, સફળ ઉપચાર પછી પરિવારના ત્રણ સભ્યોને ડિસ્ચાર્જ અપાયો છે. સમયસર ચિકિત્સક પાસે આવવાના કારણે અને કોઈ ટ્રાવેલ હિસ્ટ્રી ન હોવા છતાં પણ તેમનામાં લક્ષણ મળી આવ્યા હતા. પરંતુ તેમની હિંમતને કારણે તેમને સાજા કરવામાં કરવામાં વધુ કઠણાઈઓ આવી નહીં. જે રોગીમાં કોરોનાના લક્ષણ નથી હોતા તેઓ લક્ષણ ધરાવતા રોગીઓ જેટલા જ મહત્વપૂર્ણ હોય છે. ધ્યાન રાખવું જોઈએ કે જો કોઈ વ્યક્તિ કોઈ સંક્રમિત વ્યક્તિના સંપર્કમાં આવે તો તત્કાળ ચિકિત્સકોની સલાહ લેવી.હોસ્પિટલ દ્વારા ઉભા કરાયેલ કોવિડ-૧૯ ટાસ્ક ફોર્સની વધારાની બિલ્ડિંગમાં ક્વોરેન્ટાઇન સુવિધા, અલગથી આઈસીયુ સેટ અપ અને કોવિડ-૧૯ ની તપાસ માટે ક્લિનિકની સુવિધા છે. આ સુવિધાયુક્ત બિલ્ડીંગ હોસ્પિટલની મેઇન બિલ્ડીંગથી અલગ રાખવામાં આવેલ છે. તપાસ, નિદાન અને ઉપચાર માટે દિવસ-રાત કામ કરનારી ટીમમાં ઇન્ટેન્સિવ કેર સ્પેશિયાલિસ્ટ ડો. રાહુલ પંડિત અને ડો.ચારૂદત વૈતી, ઇન્ફેક્શિયસ ડિસીઝ સ્પેશિયાલિસ્ટ ડો. અનિતા મેથ્યુ અને ડો. કિર્તી સબનીસ, માઇક્રોબાયોલોજીસ્ટ ડો. શીતલ સાવંત અને જનરલ ફિઝિશિયન્સ ડો. સંજય શાહ, ડો.નરેશ મહેતા અને ડો.આર કે. મોદી સામેલ છે. અત્યાર સુધી ટીમે ૭ કોવિડ-૧૯ પોઝીટીવ દર્દીઓનો સફળ ઈલાજ કર્યો છે.



ડાયટીશીયન નીશીતા બિનેશ મહેતાએ લોકડાઉનની નવરાશની પળોમાં ભારતને કઈ રીતે કોરોના વાયરસથી પોલીસ અને ડોક્ટરો બચાવી રહ્યા છે જ્યારે લોકડાઉન તોડી અથવા કોરોના વાયરસથી બચવા જરૂરી આદેશોનું પાલન ન કરી રહેલા લોકો ભારતને કોરોનામાં વધુ ગરકાવ કરી રહ્યા છે તે દર્શાવતું ચિત્ર દોરી વોઈસ ઓફ ઘાટકોપરને મોકલ્યું હતું.

કોરોના અને સીનીયર સીટીઝન

ડૉ. મણિલાલ ગડા
સીનીયર મનોચિકિત્સક

ડૉ. દિપ્તી શાહ (ગડા)

કોરોનાની બીમારી અત્યંત ચેપી બીમારી છે. હાલ આ બીમારીની કોઇ દવા શોધાઈ નથી તથા રસીપણ શોધાઈ નથી. સંશોધનો ચાલુ છે. આ બીમારીથી બચવા સાવચેતીના પગલાં (Preventaion) અત્યંત અગત્યના છે.

કોરોનાની બીમારીમાં સીનીયર સીટીઝન (જ્યેષ્ઠ નાગરિક) માટે અલગ વિચારણા શા માટે?

ભારતમાં ૨૦૧૧ની વસ્તિ ગણત્રી મુજબ ૨૦ કરોડ સીનીયર સીટીઝન હતા. આ આંકડો તો ૨૦૨૦મી વધ્યો જ હશે.

સંશોધન તથા નિરીક્ષણ દ્વારા જાણવા મળ્યું છે કે સીનીયર સીટીઝનમાં કોરોનાની બીમીરી.

૧) વધારે ગંભીર (Moderaro to Severe) થાય છે. વધારે જટીલ હોય છે. ૨) કોમ્પલીકેશન (Complication) વધારે થાય છે. ૩) મરણનું પ્રમાણ આ ઉમરમાં વધારે હોય છે. ૪) અન્ય બીમારીઓ સાથે હાય છે ડાયાબીટીસ, બ્લડ પ્રેસર, હૃદયની બીમારીઓ કીડનીની બીમારીઓ હોય છે. એટલે સારવાર અઘરી બને છે.

ઉપરોક્ત કારણોને લીધે સીનીયર સીટીઝનોએ જાતે સમજીને કોરોનાની બીમારી ન થાય એ માટે સાવચેતીના પગલાંઓ જાતે જ લેવા જોઈએ તથા પાળવા જોઈએ.

મુદ્દાઓ :

૧) પૂરો સમય ઘરમાં રહો. બહાર ન નીકળો. ૨) મહેમાનો /આંગતૂકથી દૂર રહો. મળે જ નહીં. જરૂરી મળવાનું હોય તો માસ્ક સાથે દૂરથી (એક મીટરથી વધારે) અંતર રાખીને મળો. ૩) સરકારી સુચનાઓનું (વારંવાર હાથ ધોવા, માસ્ક પહેરવું,વસ્તુઓ જંતુનાશક દવાઓથી જંતુ રહિત કરો વગેર...) કડક પાલન કરો. ૪) ઘરમાં નિયમિત હલનચલન કરો. એક જ જગ્યાએ લાંબો સમય બેસી ન રહો. ૫) હળવી કસરત કરો. પોતાને માફક આવે એવી કસરત ઘરે કરવી અત્યંત જરૂરી છે. એનાથી સ્ટ્રેસ ઓછું થાય છે. ૬) યોગ, વિપશ્યના મેડિટેશન વગેરેમાંથી એક અથવા વધારે પદ્ધતિયોનો ઉપયોગ કરી શકાય. દરરોજના નક્કી કરેલા સમયે નિયમિક પીક કરો. ૭) યોગ્ય પૌષ્ટિક આહાર લો. પૌષ્ટિક આહારથી રોગ-પ્રતિકારક શક્તિ વધે છે. અન્ય બીમારીઓ હોય તો આહારમાં એ પ્રમાણેના ફેરફારો કરો. ૮) અન્ય શારીરિક બીમારીઓ હોય તો એની યોગ્ય સારવાર કરો. દવાઓ નિયમિત લો. પોતાના કન્સલ્ટન્ટ જોડે ફોન પર કે અન્ય રીતે નિયમિત કોન્ટેક્ટ કરો. ૯) માનસિક બીમારી હોય તો એની યોગ્ય સારવાર કરો. દવાઓ મનોચિકિત્સકની સલાહ પ્રમાણે ચાલુ રાખો. દવાઓ બંધ કરતા નહીં. ૧૦) સપ્રમાણ ઊંઘ જરૂરી છે. રોજીંદા સમયે સૂઈ જાઓ તથા સવારના રોજીંદા સમયે ઊઠી જાવ. ૧૧) કુટુંબીજનો જોડે સંવાદ કરો. ૧૨) હકારાત્મક સંવાદ કરો. નકારાત્મક સંવાદથી દૂર રહો. ૧૩) યોગ્ય પ્રમાણમાં પાણી તથા પ્રવાહી લો. ઉનાળો શરૂ થયો છે શરીરમાં પ્રવાણીનું પ્રમાણ યોગ્ય રહેવું જરૂરી છે. ૧૪) જો સીનીયર સીટીઝન પથારીવશ હોય તો સાર સંભાળ રાખનાર વ્યક્તિએ (Care Givers) માસ્ક પહેરી, સારસંભાળ રાખવી જરૂરી છે.

આ વ્યક્તિ પોતે બીમાર ન હોય એ જરૂરી છે.

ઉપરોક્ત મુદ્દાઓને લક્ષમાં લઈ ફેરફારો કરવાથી કોરોના બીમારીનો શિકાર થવાની શક્યતા ઓછી થાય છે. તથા રોગ પ્રતિકારક શક્તિ (Immunits) વધારી શકાય છે.

માનસિક સ્ટ્રેસના લક્ષણો :

આમ છતાં પણ જો નીતે જણાવેલ લક્ષણો હોય તો તમારા ડૉક્ટરનો કે મનોચિકિત્સકને કન્સલ્ટ કરવા જરૂરી છે.

ઊંઘ ઓછી થવી, ભૂખ ઓછી થવી, વારંવાર માથુ દુઃખવું, શરીરમાં કળતર થવી, અશક્તિ લાગવી, ભુલકણ પાણું, હૃદયના ધબકારા વધી જવા, નકારાત્મક વિચારો આવવા, ભવિષ્યની અકારણ ચિંતા રહેવી, મરવાના વિચારો આવવા.

સારાંશ :

કોરોના વાયરસથી થતી કોવિડ-૧૯મી બીમારી આંતરરાષ્ટ્રીય રોગચાળાની બીમારીમાં સીનીયર સીટીઝન ગ્રુપ (૬૫થી વધારે ઉમરના લોકો) સંવેદનશીલ ગ્રુપમાં છે. આ હકીકતને ધ્યાનમાં લઈ સીનીયર સીટીઝન ગ્રુપના લોકો સોશિયલ ડીસ્ટન્સીંગ તથા લોકડાઉનનો ગંભીરપણે લઈ એનું પાલન કરે. તથા વડા પ્રધાન નરેન્દ્ર મોદીના જાન હે તો જહાં હૈ ના સૂત્રને સાર્થક બનાવે.

ઘાટકોપરનું જોલી જિમખાના બન્યું ક્વોરન્ટીન સેન્ટર

કોરોનાના કેસ દિવસે-દિવસે વધી રહ્યાં છે. ત્યારે ઘાટકોપરના જાણીતા જોલી જિમખાનાનો કેટલોક ભાગ હવે કોરોના માટેના ક્વૉરન્ટીન સેન્ટર તરીકે વપરાશે. મુંબઈ મહાનગરપાલિકાએ તા.૧૭ એપ્રિલના એના ગ્રાઉન્ડ ફ્લોર પરના હૉલ અને પહેલા માળની ૯ રૂમનો તાબો લીધો હતો.

આ વિશે વધુ માહિતી આપતાં જોલી જિમખાનાના પદાધિકારીઓએ કહ્યું હતુ કે બીએમસીએ અમારી પાસે ક્વૉરન્ટીન સેન્ટર બનાવવા જગ્યા આપવાની માગણી કરી હતી. એથી હાલમાં ગ્રાઉન્ડ ફ્લોરનો હૉલ અને પહેલા માળાની ૯ રૂમો તેમને ફાળવવામાં આવી છે. બેડની વ્યવસ્થા પણ જિમખાના દ્વારા જ કરાઈ છે. જ્યારે કે મેડિકલની વ્યવસ્થા બીએમસી દ્વારા કરાશે. ક્વૉરન્ટીન કરાયેલા દર્દીઓ અને ત્યાં તહેનાત થનારા મેડિકલ સ્ટાફના ખાવા પીવાની વ્યવસ્થા પણ જિમખાનાના કિચનમાંથી થશે. જોકે જિમખાનાનો સ્ટાફ અને કોરોનાગ્રસ્ત દર્દીઓ અને તેમના મેડિકલ સ્ટાફ માટે એન્ટ્રી અલગ-અલગ ગેટથી હશે. દર્દીઓ અને મેડિકલ સ્ટાફ મેઈન ગેટથી એન્ટ્રી લેશે, જ્યારે જિમખાનાનો સ્ટાફ પાછળના ગેટથી એન્ટ્રી લેશે અને સીધા કિચનમાં જશે. આમ જિમખાનાનો સ્ટાફને કોરોનાનો ચેપ ન લાગે એ માટે પૂરતી કાળજી રાખવામાં આવી છે.

મુંબઈમાં કોરોનાનો વિસ્ફોટ થશેઃ ૧૫ મે સુધીમાં ૬ લાખથી વધુ કેસ

કેન્દ્રીય ટીમનો રીપોર્ટ ખળભળાટ મચાવે છેઃ ૩૦મી સુધીમાં કેસની સંખ્યા વધીને ૪૨૬૦૪ થશે અને ૧૫મી મે સુધીમાં કેસ વધીને ૬૫૬૪૦૭ થશેઃ કોરોના ડાકલા વગાડશે ત્યારે હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રકચર ટૂંકુ પડશેઃ બેડ અને વેન્ટીલેટરની અછત સર્જાશેઃ શહેરના અનેક વિસ્તારોમાં કોરોનાનો કહેર જોવા મળશે

પાંચ સભ્યોની કેન્દ્રીય ટીમે એવો અંદાજ મુકયો છે કે મુંબઈમાં કોરોના આગામી દિવસોમાં તાંડવ મચાવશે અને ૩૦મી એપ્રિલ સુધીમા કેસની સંખ્યા ૪૨૬૦૪ થઈ જશે અને ૧૫મી મે સુધીમાં કેસની સંખ્યા વધીને ૬૫૬૪૦૭ જેટલી થઈ જશે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા મુંબઈ અંગે ૧૬મી એપ્રિલના રોજના ડેટા લઈ આ અંદાજ અકિલા મુકવામાં આવ્યો છે. આ ટીમે જણાવ્યુ છે કે મુંબઈમાં જ્યારે કોરોના કહેર મચાવતો હશે ત્યારે ૧૩૬૩૬ વેન્ટીલેટર અને ૪૮૩૦૦૦ આઈસોલેશન બેડની અછત પડશે. ૧૬મી એપ્રિલે પ્રેઝન્ટ કરવામાં આવેલ અંદાજો અનુસાર ૩૦મી એપ્રિલ સુધીમાં મુંબઈમાં ઓકિસજન વગરના આઈસોલેશન બેડની ૩૦૪૮૧ ઘટ પડશે. જ્યારે કેસ ૪૦,૦૦૦ને વટાવી જશે ત્યારે શહેરને વધુ ૧૨૦૦ આઈસીયુ બેડની અને ૩૯૨ વેન્ટીલેટરની જરૂર પડશે. ૧૫મી મેના રોજ જ્યારે કેસની સંખ્યા વધીને ૬૫૬૪૦૭ થશે ત્યારે ઓકિસજન વગરના આઈસોલેશન બેડની ઘટ ૪૮૩૩૮૫ અને આઈસીયુ બેડની ઘટ ૨૭૬૮૮ની રહેશે. જ્યારે વેન્ટીલેટરની અછત ૧૩૬૩૬ની પડશે તેમ આ રીપોર્ટમાં જણાવાયુ છે. રીપોર્ટ અનુસાર કોરોનાથી સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોમાં ધારાવી, વરલી, મહાલક્ષ્મી, માટુંગા-સાયન, પરેલ, અંધેરી પશ્ચિમ, ગોવંડી-માનખુર્દ, નાગપાડા અને ભાઈખલા રહેશે. આ વિસ્તારોમાં મદદ માટે ૮૪૩૪ કાર્યકરોની જરૂર પડશે. અત્રે એ નોંધનીય છે કે મુંબઈમાં કોરોના સતત મોઢુ ફાડી રહ્યો છે. આવતા સપ્તાહોમાં તે વધુ બિહામણો બને તેવી શકયતા છે. મહારાષ્ટ્રના કુલ ૫૨૧૮ કેસમાંથી ૬૬ ટકા ખાલી મુંબઈના જ છે. જો કે મહારાષ્ટ્ર સરકારનું કહેવુ છે કે કોઈપણ સ્થિતિને પહોંચી વળવા અમે તૈયાર છીએ.

શાબાશ! અજાણ્યા ગરીબની મદદે આવ્યા ઘાટકોપરના યુવાનો

લોક ડાઉન ની જાહેરાત કરાઈ ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શક્ય હોય તેટલી ગરીબ અને જરૂરિયાતમંદોને મદદ કરો એમ જણાવ્યું હતું. ઘાટકોપરમાં યુવાનોએ વડાપ્રધાન મોદીની આ જ વિનંતીને ધ્યાનમાં લઇ ઘાટકોપર વેસ્ટ ગાર્ડન લેન વિસ્તારમાં ઘણાં સમયથી પગમાં ગેંગ્રીન થયેલ ભિખારીની મદદ કરી હતી.

ગાર્ડન લેન વિસ્તારમાં રહેતાં ધવલ શાહ અને મેહુલ પારેખ એ આ ભિખારી પગમાં થયેલ ગેન્ગ્રીન ને કારણે પીડાઈ રહ્યો હોવાની ખબર મળતાં તેને રાજાવાડી હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ ગયા હતા. આ અંગે માહિતી આપતાં સ્થાનીય નિવાસી દિલાવર નાઈકવાડી એ જણાવ્યું કે તે ગરીબ વ્યક્તિ અંગે અમને જાણ થતા બંન્ને યુવાનો ધવલ અને મેહુલ ને તે વ્યક્તિને સારવાર માટે લઇ જવા માટે સ્થાનિકો પણ મદદે આવ્યા હતાં. શૈલેષ ભાઈ શાહ (નાગેશ્વર) , મનોજભાઈ જયસિંહ, જતીનભાઈ શાહ, પુખરાજ ભાઈ વગેરે એ પોલીસ અને એમ્બ્યુલન્સ ને લગતી પરવાનગી મેળવી આપવામાં સહાય કરી હતી. ત્યારબાદ તે વ્યક્તિને સારવાર અર્થે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો ત્યાં પ્રાથમિક સારવાર બાદ સાયન હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. ફક્ત સારવાર જ નહીં તે ગરીબને ધવલ અને મેહુલ એ જમવાની તથા કપડાં ની પણ વ્યવસ્થા કરી આપવામાં આવી હતી.

મસ્તી ગ્રુપ દ્વારા બાળકોને જોકર બનાવી લોકડાઉનમાં આનંદિત કરાયા

જોકર સૌથી વધુ લોકોને આનંદિત કરે છે એવું ધ્યાનમાં આવતા લોકડાઉનના સમયમાં પણ બાળકોને આનંદિત રાખવા ઘાટકોપર ચેમ્બુર સહિત મુંબઈની વિવિધ જગ્યાઓથી અનેક મમ્મીઓનું બનેલ મસ્તી ગ્રુપના મેમ્બરોએ વિશેષ સ્પર્ધા યોજવાનું નક્કી કરી બાળકોને જોકર બનાવવાનું આયોજન કર્યું હતું જેમાં ૭૨ બાળકો સહભાગી થયા હતા. ૪ વિશેષ સારી રીતે તૈયાર થયેલ બાળકોને વિજેતા જાહેર કરાવમાં આવ્યા હતા.

ઘાટકોપરમાં કુલ ૭ કમ્યુનિટી ક્લિનીક કાર્યરત

રમાબાઈ કોલોનીથી શરૂઆત કરી ઘાટકોપરમાં પાટીદાર વાડી, રસિક રંજન, લક્ષ્મીબાગ, સમાજ મંદિર હોલ, રાજાવાડી ખાતે નગરસેવિકા બિંદુ ત્રિવેદી, વિધાનસભ્ય પરાગ શાહ, નગરસેવિકા રાખી જાધવ સહિત અનેક આગેવાનોની સહાયતાથી ડો.ઋષિકેશ નાઈક (જીએમએ સેક્રેટરી)ની આગેવાનીમાં તથા ડો. વિપુલ જોષી, ડો. અમિત શાહના સંપૂર્ણ સહયોગ દ્વારા કમ્યુનિટી ક્લિનીકને ઉત્તમ પ્રતિસાદ મલી રહ્યો છે. અહીં દરેક કમ્યુનિટી ક્લિનીકમાં ૭૦ જેટલા દર્દીઓ લાભ લઈ રહ્યા છે. ટૂંક સમયમાં ચેમ્બુર તિલક નગર ખાતે પણ શરૂઆત કરવામાં આવશે. જાણીતા ડો.ઋષિકેશ નાઈક, ડો.કુમાર દોશી, ડો. અર્પણ ધોકાનો કોવિડ-૧૯ પર વિશેષ માર્ગદર્શન સેમિનયાર સાંસદ મનોજ કોટક દ્વારા ફેસબુક લાઈવના માધ્યમથી યોજ્યો હતો.

દાનવીરોએ કોરોના વિરુદ્ધ જંગ માટે વહાવ્યો દાન પ્રવાહ

મુલુંડવાસી જયેશભાઈ ગણાત્રાએ PM CARES ફંડ માટે રૂપિયા ૧ કરોડ ૮ લાખનો ચેક સાંસદ મનોજ કોટકને અર્પણ કર્યો હતો. આ ઉપરાંત તેમણે વિધાનસભ્ય મિહિર કોટેચા દ્વારા જરૂરતમંદ લોકો માટે રાશન કીટ વિતરણ અભિયાનમાં પણ ૨૫ લાખનું માતબર દાન આપ્યું હતું. રોટરી ક્લબ ઓફ મુલુંડ હિલ્સ દ્વારા રૂા.૫૦૦૦૦નો ચેક પીએમ કેર ફંડમાં સાંસદ મનોજ કોટકને અર્પણ કરાયો હતો.

પ્લાનેટ ૯ ગ્રુપ ઓફ કંપનીઝના જાણીતા આગેવાન ચંદ્રેશભાઈ પારેખ તથા વિવેક પારેખ દ્વારા કોરોના વિરુદ્ધ લડાઈમાં જરૂરીયાતમંદોની સહાય માટે દાનના ચેક વિધાનસભ્ય પરાગ શાહ અને પ્રવીણભાઈ છેડાને અર્પણ કરાયા હતા.

પ્રેમકુંજ સોસાયટી દ્વારા રૂા.૨૫૦૦૦ તથા ગાર્ડન કોર્ટ સોસાયટી દ્વારા રૂા.૫૧૦૦૦નો ચેક પીએમ કેર્સ ફંડ માટે નગરસેવિકા બિંદુ ત્રિવેદીને આપવામાં આવ્યો હતો.

મનપાના જાણીતા અધિકારી ઈરફાન કાઝી દ્વારા તથા સીનીયર સીટીઝન મહિલા ભામિનીબેન મોદી બંનેએ વ્યક્તિદીઠ રૂા.૧૦૮૦૦૦નો ચેક વિધાનસભ્ય પરાગ શાહને આપ્યો હતો.

ચંદ્રેશ પારેખની કલમે....



માનસિક શાંતિ જાળવવા માટે આ રહ્યા સરળ ઉપાયો :

જીવનનો પંથ કેવળ પુષ્પાચ્છાદિત જ નથી, એમાં કાંટા પણ ઘણા છે. જીવન આપણને અનેક તણાવોની ભેટ આપતું હોય છે - ચાહે પછી તે ઑફિસના હોય, કામના હોય, કુટુંબના હોય, વ્યક્તિગત જીવનના હોય કે સંબંધોના.

ગુસ્સો કે ક્રોધ એ કુદરતી આવેશ છે. પરંતુ જો તેનું પ્રમાણ વધી જાય તો સૌથી વધુ નુકશાન વ્યક્તિને પોતાને જ થાય છે. જ્યારે ગુસ્સામાં આવીને કોઈ પણ વ્યક્તિ પગથી પથ્થરને ઠોકર મારે ત્યારે તે પથ્થરને નહીં પોતાના પગને જ ઈજા પહોંચાડે છે. ક્રોધ એ એવી નબળી ક્ષણ છે કે ત્યારે વ્યક્તિ સારા-નરસાંનું બધું જ ભાન ભૂલી જાય છે. એટલે જ જે વ્યક્તિ પોતાની જાત પર કાબૂ રાખી શકે છે તે દરેક વ્યક્તિને વશમાં કરી શકે છે. દરેક વ્યક્તિનો સ્વભાવ અલગ-અલગ હોય છે અને એ સ્વભાવ જ આખરે માણસની ઓળખાણ બની જાય છે. જીવનપર્યંત અને જીવન પૂરું થયા પછી પણ મોટે ભાગે માણસને તેનાં સ્વભાવ અને તેની ખાસિયતોને આધારે જ યાદ કરવામાં આવે છે.

આપણી આસપાસ રોજ-બ-રોજના જીવનમાં અનેક એવી વ્યક્તિઓ મળતી હોય છે જે તણાવનું આપણું બટન દબાવી દે છે અને આપણા સર્વશ્રેષ્ઠ પ્રયત્નો છતાં આપણી માનસિક શાંતિને સંપૂર્ણપણે ખોરવી કાઢે છે. દુનિયા જાણે કે આવા જ લોકોથી ભરેલી છે. એ આપણને ચીઢવતા રહે છે. તેઓ આપણો વિરોધ કરતા હોય છે, આપણી નસ દબાવતા રહે છે. પ્રસંગો, પરિસ્થિતિઓ અને સંજોગો આપણા માટે ક્ષણે ક્ષણે પ્રતિકૂળતા પેદા કરતા રહે છે. જગતમાં જાણે કે આપણને ગાંડા કરી મૂકવા માટે એક યોજનાબદ્ધ કાવતરું ઘડવામાં આવેલું છે. એનો વિચાર કરતા માત્રમાં જ આપણી અંદર એક પ્રકારનો ખળભળાટ પેદા થઈ જાય પરિણામે આપણી અંદર ભારે ગુસ્સો પેદા થાય છે. અપૂરતી સામાજિક તાલીમને લીધે આમાંનો થોડોઘણો ગુસ્સો આપણે તદ્દન અસ્વસ્થ રીતે વ્યક્ત કરી નાખીએ છીએ, બાકીનો ઘણો આપણા હૃદયમાં ભરી રાખીએ છીએ. હાનિ આપણને બન્ને રીતે થાય છે, અયોગ્ય રીતે વ્યક્ત કરેલો ગુસ્સો સામેની વ્યક્તિમાં કટુતા પેદા કરે છે અને દબાવી રાખેલો ગુસ્સો આપણી અંદર વૈમનસ્ય, અંટસ અને શારીરિક રોગ પેદા કરે છે. સંશોધકોના મત મુજબ ગુસ્સો તદ્દન સ્વાભાવિક, તંદુરસ્ત અને ઉપયોગી લાગણી છે. પણ આપણે એને યોગ્ય રીતે નાથીએ નહીં તો એ આપણા પોતાના માટે અને આપણી આસપાસના લોકો માટે ભારે નુકશાનનું કામ કરે છે. આપણે આપણી અશાંતિ માટે લોકો અને પરિસ્થિતિને દોષ દેતા રહીએ છીએ.

પરંતુ સ્વસ્થ ચિત્તે વિચાર કરતાં આપણને જણાશે કે આપણી સમસ્યાનું મૂળ આપણી આસપાસના લોકો કે સંજોગોમાં નહીં, પણ આપણી અંદર જ છે; આપણા મનમાં છે, આપણે લોકો કે પરિસ્થિતિ પ્રત્યે આપણી પ્રતિક્રિયા ખોટી રીતે વ્યક્ત કરીએ છીએ. લોકો ચાલાક છે, આપણને એમની ધારેલી રીતે રમાડીને આપણી અંદર ચિંતા, ગુસ્સો અંટસ, અજંપો, વેરઝેર પેદા કરીને જીતી જાય છે; આપણને પરાધીન અને લાચાર સાબિત કરવામાં સફળ બની જાય છે. આપણું મન વાસ્તવમાં લાચાર છે - એ રીતે આપણે એને કેળવેલું છે. આપણે જરૂ છે શાંતિ જાળવવાની, પરિસ્થિતિ અને લોકોની રીતભાતથી વિચલિત ન થવાની, અને પરિસ્થિતિને પ્રતિક્રિયા (*reaction*) નહીં, પણ યોગ્ય પ્રતિભાવ (*reaction*) આપવાની.

જરૂરિયાત આ છે - પ્રતિક્રિયા અને પ્રતિભાવ વચ્ચે તફાવત સમજવાની. આપણે આપણી ચિંતાઓ અને ગુસ્સા સાથે અનુકૂલન કરવાની અને એમનો સકારાત્મક રીતે ઉપયોગ કરતા શીખવાની જરૂ છે. અતાર્કિક, આવેગી મનને ફાવે તેમ વર્તવાની છૂટ ન આપી દેશો. શાંત અને તર્કબદ્ધ મનથી જ યોગ્ય નિર્ણય લઈ શકાશે. નાદુરસ્ત લાગણીઓ પર પ્રભુત્વ મેળવીને માનસિક શાંતિ જાળવવા માટે આ રહ્યા સરળ ઉપાયો :

૧ હળવાશ કેળવો :

દીર્ઘશ્વસન, સરળ સ્નાયુબદ્ધ ખેંચાણ ની હળવી કસરતો, શવાસન, ધ્યાન અને ક્રમિક શિથિલીકરણ ની હળવાશની વિધવિધ પદ્ધતિઓ શીખી-હસ્તગત કરી લઈને મનનો તણાવ હળવો કરી શકાય છે. ઉશ્કેરાટને નાથી શકાય છે અને મનને શાંત પાડી શકાય છે. મનોવૈજ્ઞાનિક સિદ્ધાંત છે કે શરીરના સ્નાયુઓને હળવા બનાવશો તો મન આપોઆપ શાંત બની જશે.

૨ તમારી વિચારવાની ઢબ બદલો :

આપણે ગુસ્સામાં કે ઉશ્કેરાટમાં હોઈએ છીએ ત્યારે આપણી વિચાર-પ્રક્રિયા પર આપણો કાબૂ સંપૂર્ણપણે જતો રહે છે, આપણો વિવેક જતો રહે છે અને આપણે વધારે ગૂંચવાડામાં પડી જઈએ છીએ અથવા નાની વાતને મોટું સ્વરૂપ આપી દઈએ છીએ. ગુસ્સો ભલે ઉકળતો હોય પણ થોડા ધીરા પડવાથી સમસ્યામાંથી માર્ગ આપોઆપ મળી આવશે. દુનિયા કંઈ તમને અત્યારે ને અત્યારે હરાવવા માટે પાછળ પડી ગઈ નથી, તમે તમારા મનની ચાવી એના હાથમાં સોંપી દીધી છે. પોતાની લાગણીઓ અને વિચારોનું નિયંત્રણ પોતાના હાથમાં રાખો. વિચારોને અતાર્કિક, નિરંકુશ ન બનવા દો; તર્કબદ્ધ જ રહેવા દો.

૩ સંવાદ જાળવી રાખો :

ગુસ્સો કે રીસ ચઢે ત્યારે સામાન્ય રીતે આપણે સામી વ્યક્તિ સાથે બોલવાનું બંધ કરી દઈએ છીએ. જેનાથી સંવાદનો સેતુ તૂટી જાય છે. થોડી વાર ઊંડા શ્વાસ અંદર લો. મનને શાંત થવાની તક આપો. ત્યાર પછી સામેની વ્યક્તિને તદ્દન સ્વસ્થ રીતે તમારી લાગણી વ્યક્ત કરી દો. લાગણી વ્યક્ત કરતી વખતે પરસ્પર કડવાશ પેદા ન થાય એનો સતત સભાનતાથી ખ્યાલ રાખો. જે પ્રસંગને કારણે માઠી લાગણી પેદા થાય છે તેની બારીક વિગતોની પરસ્પર વાતચીત કરવાનો ફાયદો નથી પણ એ પ્રસંગને કારણે પેદા થયેલી લાગણી યોગ્ય શબ્દમાં વ્યક્ત થાય એ જરૂરી છે. રજૂઆત પૂરી થયા પછી મન શાંત, સ્વસ્થ બની ગયું છે એની ખાતરી કરી લો. સામેની વ્યક્તિને પણ બોલવાની તક આપવાનું ચૂકશો નહીં.

૪ ગુસ્સો પેદા કરનાર વાતાવરણથી દૂર થઈ જાઓ :

જે જગ્યાએ/પરિસ્થિતિમાં ગુસ્સો પેદા થયો હોય એનાથી તમારી જાતને અળગી કરી દો. ચાલવા નીકળી પડો. બહાર જમવા જતા રહો. બાથરૂમમાં પુરાઈને ૧૦-૧૫ મિનિટ સરસ મજાનું સ્નાન કરી લો. ગુસ્સાને તરત વ્યક્ત કરવાની તાલાવેલી શાંત પાડી દો અને પછીના અડધોએક કલાક એવી કોઈ પ્રવૃત્તિમાં વ્યસ્ત થઈ જાઓ જે દરમિયાન તમારા મનને શાંત થઈ જવાનો મોકો મળી આવે.

૫ તમારું મનપસંદ સંગીત સાંભળો :

જેને સાંભળવાથી તમે હળવા બની જાઓ અને તમારા તણાવ/ગુસ્સાને ભૂલી જાઓ એવું સંગીત કે એવાં ગીતો સાંભળવા માંડો. તમારી રુચિનું સંગીત ખોળી કાઢો; પછી ભલે તે શાંત, હળવું, શાસ્ત્રીય હોય કે ધાંધલિયું, ઝડપી, શરીરને નચાવનારું હોય. શરત એટલી જ કે એને સાંભળ્યા પછી તમારું મન શાંત પડી જવું જોઈએ.

૬ દિવાસ્વપનમાં રાચો :

આંખો બંધ કરો. હવે તમારા મનઃચક્ષુ સમક્ષ એક એવા સુંદર સ્થાનનું ચિત્ર જીવંત કરો જ્યાં તમને આનંદ અને સુખની અનુભૂતિ થાય. એ સ્થાનની બારીકમાં બારીક વિગતને મન સમક્ષ પ્રત્યક્ષ કરો. ત્યાંનો સ્પર્શ, ત્યાંની સુંદરતા, વાતાવરણની અદ્દભુત સુગંધ, ત્યાં હોવાની અનુભૂતિથી તમને કેટલો રોમાંચ થઈ રહ્યો છે, વગેરે. તમે આ ક્ષણે એ સ્થાનમાં જ છો એવું તમારા સમગ્ર અસ્તિત્વથી અનુભવો-માણો. જ્યારે જગતની વાસ્તવિક્તાથી કંટાળો ત્યારે આવું મનઃચિત્રણ તમારી લાગણીઓને બદલી નાખવામાં ઉપયોગી બનશે.

૭ અણગમતી વ્યક્તિથી મોં ન ફેરવો :

આપણા મનની ખાસિયત એવી છે કે અણગમતી વ્યક્તિ કે પરિસ્થિતિથી રીસપૂર્વક દૂર થઈ ગયા પછી પણ મન એનો ને એનો જ વિચાર કર્યા કરશે અને કડવી વાતને વીતેલી ક્ષણોમાંથી ખેંચી લાવીને તમારા વર્તમાનને દૂષિત કરશે. એના કરતાં માનસિક શાંતિ જાળવી રાખીને એ વ્યક્તિ પાસે જ રહો. તમારું અજાગ્રત માનસ ઘણું શક્તિશાળી છે, નકારાત્મક લાગણીને બદલે જીવનપોષક ભાવ પેદા કરવાનો પડકાર એને આપશો તો એ ચોક્કસ જ ઝીલી લેશે. નકારાત્મક વિચારો અને લાગણીઓની એકની એક ઘરેડમાંથી બહાર નીકળવાની એને તક આપો. અવારનવાર આમ કરવાથી આગળ જતાં મન એ વ્યક્તિની ઉપસ્થિતિ કે તેના ઉલ્લેખથી પણ અશાંત નહીં બને, તમારા આત્મવિશ્વાસમાં વધારો થશે અને વ્યક્તિને તમે સ્વસ્થતાપૂર્વક જીરવી લેતાં શીખી જશો. તદ્દન પ્રતિકૂળ અને વિરોધી વ્યક્તિત્વ ધરાવતા પતિ-પત્ની એકબીજાને સહી લઈને આખું જીવન વિતાવી દે છે તે આ જ કારણે ને ?

૮ અન્યનો સ્વીકાર કરો :

અન્ય વ્યક્તિમાં વાંધાવચકાં કાઢીને એનો પ્રતિકાર કરતા રહેશો તો તમારા મનમાં અપાર આંતરિક સંઘર્ષ પેદા થશે. આવો સંઘર્ષ ભય, અકારણ સ્પર્ધા, તુલના, હતાશા અને ચિંતામાં પરિણમશે. એને બદલે સામેની વ્યક્તિ જેવી છે તેવી એનો સ્વીકાર કરો. એના ગુણદોષ ન જુઓ. દરેક સાથે આત્મીયતા કેળવો. નાના-નાના મતભેદો પર તમારા સંબંધની ઈમારતને ઊભી ન થવા દો. બન્નેના સમાન રસ-રુચિની ચર્ચા કરો. એને તમારા પારસ્પરિક સંબંધનો પાયો બનવા દો.

૯ સહવાસ કેળવો :

એકલતાથી ચિંતા અને તણાવ વધે છે. એને બદલે મનગમતી વ્યક્તિઓનો સંગાથ કેળવો. મિત્રો અને કુટુંબીજનો સાથે યાંત્રિકતાથી ન જીવો. સહવાસની પ્રત્યેક ક્ષણને આનંદ પ્રસન્નતાથી ભરી દો. તમારા ખાસ હોય તેમને તમારો પુરતો સમય, તમારી શક્તિ અને તમારું ધ્યાન આપો.

ગુસ્સો એક માનસિક તનાવ છે તેમાંથી કોઈ બચ્યું નથી ..મૌન ધારણા કરી લેવું જ્યારે પણ ગુસ્સો આવે ત્યારે ..કારણ કે ગુસ્સા માં લીધેલા નિર્ણય હમેશા પસ્તાવો જ કરાવે છે .અમદાવાદના જાણીતા મનોચિકિત્સકના જણાવ્યા અનુસાર જ્યારે વ્યક્તિને ગુસ્સો આવે ત્યારે તેણે પહેલાં તો એ સ્વીકારવું જોઈએ કે તેને સામાન્ય લોકો કરતાં વધારે ગુસ્સો આવે છે અને ત્યાર બાદ તેને પોતાના મન પર ખૂબ કાબૂ રાખવા માટે પ્રયત્ન કરવા જોઈએ. કોઈ દિવસ તેણે શરતી કાબૂ મેળવવાનો પ્રયત્ન ન કરવો જોઈએ બલ્કે સંવેદનશીલ બાબતો પર આત્મમંથન કરવું જોઈએ. જો પરિસ્થિતિથી દૂર ન રહી શકાય તો સ્ટ્રેસ બસ્ટર ટોઇઝનો ઉપયોગ કરી ગુસ્સો કંટ્રોલ કરો અને પોતાની જાતને પ્રોત્સાહિત કરો.

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાહેબના સાંનિધ્યે એ મેરે વતન કે લોગો કાર્યક્રમ લાઈવ પ્રસારણના માધ્યમથી ઉજવાયો

★ભારતભરના શૂરવીર સેવાભાવી યોદ્ધાઓના સત્કાર્યને સલામ કરતાં અનુમોદના કરી હજારો દેશવાસીઓએ ★ માનવતા કોઈ ધર્મની મોનોપોલી નથી, જેનું હાર્ટ સોફ્ટ હોય એના જ હાથ સેવામાં, માનવતામાં જોડાતાં હોય છે.★ -રાષ્ટ્રસંત શ્રી નમ્રમુનિમ. સા.

સમગ્ર વિશ્વમાં ફેલાયેલાં કોરોના મહામારીના ભય અને મૃત્યુની વચ્ચે પોતાની જાનના જોખમે પણ પ્રશંસનીય સેવા બજાવીને દેશની રક્ષા કરી રહેલાં શૂરવીર ડોક્ટર્સ, નર્સ , મેડીકલ સ્ટાફ, પોલિસ કર્મચારીગણ, સફાઈ કામદારો, પત્રકારો અને હજારો ગરીબોને સહાય આપનારા દરેક સંઘ, સંપ્રદાય અને સંસ્થાઓના સેવકોને બિરદાવવા રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના સાંનિધ્યે લાઈવ પ્રસારણ દ્વારા ઐ મેરે વતન કે લોગો નામક એક અનુમોદનીય કાર્યક્રમ આયોજિત કરવામાં આવેલ.

ઘર-પરિવારના વિયોગે, સ્વયંના સુખના વિયોગે અને જાનના જોખમે પણ કોરોના વાયરસથી દેશને મુક્ત કરાવવા સેવા બજાવી રહેલાં દરેક સેવાભાવીઓની સેવાને બિરદાવતાં પરમ ગુરુદેવે ફરમાવ્યું કે, જેનામાં સદગુણ હોય તેવી વ્યક્તિને જ અન્યની સેવા કરવાના ભાવ થતાં હોય છે. માનવતા કોઈ ધર્મની મોનોપોલી નથી, જેનું હાર્ટ સોફ્ટ હોય એના જ હાથ સેવામાં, માનવતામાં જોડાતાં હોય છે. આજની આ પરિસ્થિતિમાં અન્યને શાતા પમાડવા માટે સેવા કરી રહેલાં દરેક દરેક યોધ્ધાઓની આપણે અનુમોદના કરી તેમને સલામ કરવી જોઈએ.

નઐ મેરે વતન કે લોગોંથ અનુમોદનાના આ કાર્યક્રમ અંતર્ગત, માત્ર નમારું તે સારું નહીં પરંતુ દરેક સારું તે મારુંપ ના શુભ ભાવ સાથે પરમ ગુરુદેવે સર્વ ધર્મ, જ્ઞાતિ, સંઘ, સંપ્રદાયથી પર થઈને સમગ્ર ભારતમાં અનેક પ્રકારે સહાય કરી રહેલાં એવા *'BAPS'* સ્વામીનારાયણ સંસ્થા, શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર, શ્રી જલારામ મંદિરો, ગુરુદ્વારા, સમસ્ત મહાજન સંસ્થા, સમસ્ત દેરાવાસી સંઘો, અર્હમ યુવા સેવા ગ્રુપ, કચ્છી જૈન સમાજ, સરહદ સંસ્થા, વંદે માતરમ્ ગ્રુપ, ગુરુ ગૌતમ ટ્રસ્ટ, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, અખિલ ભારતીય જૈન કોન્ફરન્સ, શ્રી વર્ધમાન સંસ્કારધામ, ગુરુપ્રેમ મિશન ટ્રસ્ટ- મુંબઈ, શ્રી ગુજરાતી સનાતન સમાજ-જમશેદપુર, શ્રી સંત નિરંકારી સમાગમ- દિલ્લી, મા સ્વામી હેલ્પ-સરદારનગર, એલર્ટ ગ્રુપ, જીવરક્ષા ગ્રુપ, માનવસેવા કેન્દ્ર, સમકિત ગ્રુપ, કરુણા ફાઉન્ડેશન-રાજકોટ, રત્ન નિધિ ટ્રસ્ટ, જૈન વિઝન મહાવીર સેવા ટ્રસ્ટ, જૈન સાધર્મિક સેવા સમિતિ સાથે જૈન ઉપાશ્રયમાં હજારો લોકોને અનાજ આપનારા શ્રી અમિતાભ બચ્ચન, ઘાટકોપરમાંહજારો ગરીબોને ભોજન કીટ આપનારા શ્રી પરાગભાઈ શાહ, હિંગવાલા ઉપાશ્રયમાં ફૂડ કીટ આપનારા જિગરભાઈ શેઠ, રમેશભાઈ મોરબીયા, સુભાષજી રુનવાલ, બિનાબેન અજયભાઈ શેઠ, રાજકોટમાં સવા લાખ રોટલીનું વિતરણ કરીને સેવા કરનારા હિતેનભાઈ મહેતા જેવી અન્ય અનેક સંસ્થાઓ અને વ્યક્તિગત અનેક સેવાભાવીઓના સેવાકાર્યોની જાણકારી આપતા લાઇવમાં જોડાએલા હજારો ભાવિકોના હૃદયમાંથી ધન્યવાદ, અહોભાવ અને અનુમોદનાનો સ્વર ગૂંજી ઊઠયો હતો.

વિશેષમાં, ભર તડકામાં પોતાનું કર્તવ્ય નિભાવી રહેલા સેવકોને શાતા આપવાના ભાવોસાથે પરમ ગુરુદેવની પ્રેરણાથી હજારો ભાવિકોએ છાસ વિતરણનો લાભ લીધો હતો. આ અવસરે આચાર્ય શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબના અંતેવાસી સુશિષ્ય પૂજ્ય શ્રી કે.સી. મહારાજ સાહેબે પણ લાઈવના માધ્યમે આ કાર્યક્રમમાં જોડાઈને સેવાભાવીઓની અનુમોદના સાથે પરમ ગુરુદેવના આ અનોખા પ્રયાસની ભૂરી-ભૂરી પ્રશંસા કરી હતી.

સુવિખ્યાત ગાયક કલાકાર નરેન્દ્રભાઈ વાણીગોતા તેમજ લોકપ્રિય હાસ્ય કલાકાર સાંઈરામ દવે, ગુરુભક્ત ધ્રુવી દીદી અને દર્શિતભાઈ એ આ કાર્યક્રમમાં જોડાઈને સહુને ભાવભીની અનુમોદના કરાવી હતી. કોઈપણ જ્ઞાતિ કે સંપ્રદાયના ભેદભાવ વિના પરમ ગુરુદેવનો સકૃત પ્રત્યેનો સદભાવ હજારો ભાવિકોના હૃદયમાં પણ સેવા અને સહાયતા અર્પણ કરવાની પાવન પ્રેરણા જાગૃત કરી ગઈ.

ઘાટકોપરના કોરોના વોરીયર્સ ડોક્ટરો

ઘાટકોપરના વિવિધ ડોક્ટર્સ કોરોનાની લડાઈમાં સંપૂર્ણપણે જોડાયા છે. ન્યૂ લાઈફ હોસ્પિટલના ડો.દીપક બૈદ રાજાવાડી હોસ્પિટલ ખાતે કોવડિ-૧૯ના વિશેષ સેટ અપ અને ૧00 બેડના વોર્ડની વિશેષ વ્યવસ્થા માટે આગળ પડતો ભાગ ભજવી રહ્યયા છીએ આ ઉપરાંત તે મનપા હેલ્થ કમિટીના આગેવાન ડોક્ટર્સ સાથે પણ કોર્ડીનેશનમાં મહત્વનો ફાળો આપી રહ્યા છે.

મહારાષ્ટ્ર ભાજપાના વૈદ્યકીય આઘાડીના અધ્યક્ષ ડૉ.અજીત ગોપછડેની આગેવાનીમાં ડૉ.સ્મિતા કાળેના ડાયગ્નોસ્ટીક સેન્ટર ખાતે વિવિધ દર્દીઓને મફત માર્ગદર્શન સ્ક્રિનીંગ સોનોગ્રાફી, એક્સ રે, રક્ત તપાસણી કરી આપવામાં આવે છે અને દરરોજ કઈ મહત્વની કાળજી લેવી જોઈએ તેનું પણ માર્ગદર્શન કરાય છે.

MAHAVIR® ESTATE CONSULTANTS
MAHARERA APPROVED BROKERS

#INDIAFIGHTSCORONA

શું કરી રહ્યા છે ઘાટકોપરના સોશ્યલ એન્ટરટેઈનમેન્ટ સેન્ટરો લોકડાઉનમાં



જેજેસી નોર્થ ઈસ્ટ દ્વારા લોકડાઉન શરૂ થયું તે દિવસથી જ લોકોને ન્યૂઝ પેપર મળવામાં મુશ્કેલી પડશે તેવું ધ્યાનમાં આવતા રમેશભાઈ મોરબીયાએ મેમ્બરોને ઉપરાંત તેમના તમામ વેલવીશરોને દૈનિક આગેવાન સમાચાર પત્રો દરરોજ સવારે મોકલવાનો શુભારંભ કરી દીધો હતો.

જેજેસી રોયલ જગડુશા દ્વારા ઘાટકોપરમાં સૌપ્રથમ કરાયું માસ્ક વિતરણ

કોરોના મહામારી રોગ મુંબઈમાં પ્રવેશવાની સાથે જ જેજેસી રોયલ જગડુશાના પ્રમુખ જેઠાલાલભાઈ દેઢીયાએ તરત નિર્ણય લઈ તા.૧૭-૩-૨૦૨૦ના તમામ ઘાટકોપરના પોલીસ સ્ટેશનમાં માસ્કનું વિતરણ કર્યું હતું. તા.૨૩ એપ્રિલના પ્રમુખ જેઠાલાલભાઈ દેઢીયાએ સેન્ટરના તમામ સભ્યોને કોરોનાના આ સમય દરમ્યાન સોશ્યલ ડીસ્ટન્સીંગના તમામ નિયમો પાળી પરિવાર સાથે ઘરે સુરક્ષિત રહેવા માટેના ખબર અંતર પૂછ્યા હતા. અને સંદેશો પાઠવ્યો હતો.

જેજેસી પીંક પંતનગર દ્વારા મેમ્બરોને લોકડાઉન હાઉઝી રમાડાઈ

જેજેસી પીંક પંતનગર દ્વારા રવિવાર તા.૧૯ એપ્રિલના વોટ્સએપ ગ્રુપના માધ્યમે ગ્રુપ તરફથી ભવ્યા પ્રવર કોટીચાએ તમામ સભ્યોને હાઉઝીનો આનંદ કરાવ્યો હતો. લોકડાઉનમાં લોકો ઘરે બેઠા આ હાઉઝીનો સૌપ્રથમ વખત આનંદ માણ્યો હતો. દરેક મેમ્બરોને હાઉઝીની બે બે ટીકીટ વોટસએપ દ્વારા મોકલવામાં આવી હતી.

ગ્રુપ સોલીટિર દ્વારા મેમ્બરોને માસ્ક, સેનેટાઈઝરનું વિતરણ અને હાઉસી રમાડાઈ

સોલીટર ગ્રુપ દ્વારા મેમ્બરોને રમાડાયેલ બોલીવુડ હાઉઝી ખૂબ સુપર ડુપર હીટ સાબિત થઈ હતી. લોકડાઉન જાહેર થતાની સાથે જ સોલીટિર ગ્રુપ દ્વારા તમામ મેમ્બરોને માસ્ક અને સેનેટાઈઝર વિશેષ કુરીયરના મારફતે મોકલવામાં આવ્યા હતા.

બોલીવુડ તંબોલા હાઉઝીનું સફળ સંચાલન કમિટી મેમ્બર દ્વારા કરવામાં આવ્યું હતું જે બે વોટ્સએપ ગ્રુપના માધ્યમથી રમાડવામાં આવી હતી. સામાન્ય હાઉઝી અને બોલીવુડના સ્ટાર્સના નામને જોડતી આ અનોખી હાઉઝી લોકોને ખૂબ ગમી હતી.

જ્વેલ ગેલેક્સી દ્વારા લોકોડાઉનમાં અનેક આયોજનની વણઝાર



અવનવા કાર્યક્રમો માટે પ્રખ્યાત જ્વેલ ગ્રુપ બોલીવુડ બિંગો, બોલ બચ્ચન, ઓનલાઈન હાઉઝી, મેક્સના સથવારે, બોલીવુડ ક્વીઝ તંબોલા, ધ ઈવેન્ટસ સ્ટુડીઓના સથવારે તથા જાણીતા ડીજે રાજ લાખાણી સંગાથે ફેસબુક લાઈવના માધ્યમે લાઈવ ડીજેનું આયોજન કરવામાં આવ્યું હતું. સિદ્ધશી આર્ટસ વૈશાલી પારસ કારાણી દ્વારા ઓનલાઈન ટ્રેઝર હન્ટ જે ફેસબુક પેજ પર રમાડાયેલ તેને લોકોએ ખૂબ આનંદપૂર્વક માણેલ. કોરોન્ટાઈન લોકડાઉનમાં વિવિધ ગેમ્સની વણઝારે મેમ્બરોને મજા કરાવી દીધી હતી.

વીર ફાઉન્ડેશન કોરોના સામેની લડાઈમાં સાબિત થઈ રહ્યું છે મહાવીર

ઘાટકોપરના વીર ફાઉન્ડેશનની ચાર વ્યક્તિ અને તેમની ટીમ દ્વારા સોસાયટી કે એના પરિસરમાં કોરોનાના વાઇરસથી જંતુમુક્ત કરવા માટેનાં ૬૦૦ મશીનો વસાવ્યાં છે. ૨૦ લિટર જંતુનાશક દવાઓ ભરેલાં આ મશીનો ઘાટકોપર ઉપરાંત મુલુંડ, પવઈ, બોરીવલી, મીરા-ભાઈંદર, ખારઘર-વાશી અને દક્ષિણ મુંબઈ વગેરે ડેપોમાં રખાયાં છે. આ તમામ ડેપોમાંથી આસપાસની સોસાયટીઓ લઈ જાય છે. આ અંગે જાણીતા આગેવાન જેઠાલાલ દેઢીયાએ જણાવ્યું કે આ અભિયાનની શરૂઆત પછી અત્યાર સુધીમાં ૮૦૦૦ બિલ્ડિંગો કોરોનાના જંતુથી મુક્ત કરાયાં છે. આ કાર્ય માટે કોઈ પાસે એક પણ રૂપિયો ચાર્જ નથી લેવાતો.

વીર ફાઉન્ડેશનના રાહુલ દેસાઈએ કહ્યું હતું કે ૪ માર્ચે નીતિન સંઘવીના માર્ગદર્શન હેઠળ અમે રાહુલ સંઘવી, જેઠાભાઈ દેઢિયાની ચાર જણની ટીમે કોરોનાના સંકટનો સામનો કરવા માટે જંતુનાશકનો છંટકાવ કરવા માટેનાં ૬૦૦ મશીનો વસાવ્યાં હતાં. આમાંથી ૩૫૦ મશીન ઘાટકોપરના ડેપોમાં વપરાય છે. જે ઘાટકોપરની રાજાવાડી હોસ્પિટલ ઉપરાંત હિન્દુ મહાસભા હોસ્પિટલ, ભાંડુપ, કુર્લા, ચેમ્બુર તથા દાદર સુધીની સોસાયટીઓના ઉપયોગમાં લેવાય છે.'

નીતિન સંઘવી ઓલ ઇન્ડિયા ફાયર ફાઇટર અસોસિએશનના અધ્યક્ષ હોવાથી તેમના મનમાં બીજી કોઈ સેવાને બદલે કોરોનાના જંતુનો નાશ કરવા માટેનાં મશીનો વસાવવાનો આઇડિયા આવ્યો હતો જે તેમના ત્રણેય સાથીઓએ વધાવી લઈને કામકાજ શરૂ કર્યું હોવાનું જાણવા મળ્યું હતું.

વીર ફાઉન્ડેશનની ટીમના જણાવ્યા મુજબ મુંબઈ મહાનગરપાલિકાએ મંજૂરી આપી હોય એવા જંતુનાશક કેમિકલ પાણીમાં મિક્સ કરીને મશીનોમાં ભરીને દરેક ડેપોમાં મૂકી દેવાય છે. સૌથી મોટો વિસ્તાર ઘાટકોપરની આસપાસ કવર થાય છે અને હેડ ઓફિસ હોવાથી સૌથી વધુ ૩૫૦ મશીનો અહીં ઉપલબ્ધ કરાવાયાં છે, જ્યારે બાકીના ડેપોમાં ૨૫થી ૫૦ની સંખ્યામાં મશીનો રાખવામાં આવ્યાં છે. કોઈ પણ સરળતાથી વાપરી શકે એવાં મશીનો છો જેમાંથી પાણીનો છંટકાવ કરીને કોઈ પણ બિલિંગ કે પરિસરને જંતુમુક્ત કરી શકાય છે.

રાજ્ય સરકાર દ્વારા વોટ્સએપ ગ્રુપ માટે ખોટા સમાચાર ફેલાવવા અંગે કડક નિયમો

કોરોના વાઈરસ મહામારીએ જ્યારે દેશને સમગ્રપણે હચમચાવી નાખ્યો છે, એવા સમયે સૌથી વધુ પ્રભાવિત રાજ્ય મહારાષ્ટ્ર છે. જેમાં પણ દેશની આર્થિક રાજધાની તથા માયાનગરી મુંબઈમાં સૌથી વધુ કેસો મળી આવ્યા છે. આ સ્થિતિમાં કેટલાક લોકો અફવાઓ ફેલાવીને લોકોની ભાવનાઓ સાથે રમત રમી રહ્યા છે અને દેશની એકતામાં ભંગ થાય તેવી કોશિશ કરી રહ્યા છે. આ દરમિયાન કોરોના નિમિત્તે અફવા તથા ખોટા સંદેશાઓ ફેલાવનારા વિરુદ્ધ રાજ્ય સરકાર સખત પગલાં ભરી રહી છે.

